## જન્મદિને વધામણી



પ્રહલાદભાઈ પ્રભુદાસ પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૮૧૫૯૬



સોમચંદ એમ વોરા
મો. ૯૭૩૭૧ ૯૨૯૬૪



પરમજીત છાબડા
મો. ૯૪૨૮૧ ૫૧૪૩૬



રિવાન અમિતકુમાર જોષી
મો. ૯૪૨૮૭ ૩૪૦૩૭



સાહિલ કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨



સાગર કલવાણી
મો. ૯૮૯૮૦ ૧૨૬૯૨

### નારદીપુરની જૂની અને પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા સતત બીજા વર્ષે પ્રશસ્ય આયોજન

# ગ્રામ સેવા મંદિર દ્વારા સમર કૅમ્પ યોજાયો







## કૅમ્પના સમાપન સમારોહમાં વિદ્યાર્થીઓનું ઉલ્લાસપૂર્વક પરફોર્મન્સ

ઉનાળુ વૅકેશનના સમય દરમ્યાન ગાંધીનગર અને અમદાવાદ જેવાં શહેરોમાં બાળ શિબિરો થાય એ ચાલ જૂનો છે, પરંતુ એ ચાલ ગ્રામ વિસ્તારો સુધી પણ ફેલાયો છે અને સફળતા પણ પામી રહ્યો છે. આ વાતનું ઉદાહરણ તાજેતરમાં નારદીપુર ગામમાં જોવા મળ્યું છે. નારદીપુરની પ્રતિષ્ઠિત અને ૯૦ વર્ષ જૂની સંસ્થા ગ્રામ સેવા મંદિર દ્વારા વિદ્યાર્થીઓને ઉનાળુ વૅકેશનના સમયનો સદુપયોગ કરાવવા સારુ સમર કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વિદ્યાર્થીઓ માટે અઢળક પ્રવૃત્તિઓ, રમતગમત અને કલા વિષયક તાલીમનો સમાવેશ પણ કરવામાં આવ્યો હતો. સતત બીજા વર્ષે સંસ્થા દ્વારા આ સમર કૅમ્પ યોજવામાં આવ્યો હતો.

ખાસ ઉલ્લેખ કરવા જેવી બાબત એ કે સંસ્થાની પોતાની શાળા બી આર મહેતા માધ્યમિક શાળા મળીને આસપાસનાં ગામોની શાળાઓના વિદ્યાર્થીઓને પણ આ શિબિર માટે નોતરવામાં આવ્યા હતા અને કુલ મળીને ૧૪ શાળાઓના ૩૨૮ વિદ્યાર્થીઓએ આ શિબિરમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓની વય પ્રમાણે તેમને અલગ-અલગ જૂથમાં વહેંચવામાં આવ્યાં હતાં અને સળંગ સાત દિવસ સુધી પ્રવૃત્તિઓ અને તાલીમનો ધમધમાટ સંસ્થામાં જોવા મળ્યો હતો, જેમાં સ્ટાફ મિત્રોની સક્રિયતા દાદ માગી લે તેવી હતી. વિભાગ-૩ના સૂત્રધારો તરીકે પિનાકીન જાની, અંકિતાબેન ભટ્ટ, દિપીકાબેન પટેલે સેવાઓ આપી હતી. આ વિભાગના વિદ્યાર્થીઓને લોક નૃત્ય, ગરબા, પેઈન્ટીંગ, વેસ્ટમાંથી બેસ્ટ, કરાટે, નાટક, અભિનય વાર્તા, વન મિનિટ ગેમ, સલાડ મેકિંગ, પપેટ મેકિંગ જેવી તાલીમ આપવામાં આવી હતી. વિભાગ-૨ના સૂત્રધારો તરીકે જાગૃતિબેન પટેલ, રેખાબેન ઠાકોર, હેતલબેન ન્યાયી અને ધારાબેન વાઘેલાએ સેવાઓ આપી હતી. આ વિભાગના વિદ્યાર્થીઓ માટે ચૅસ અને કૅરમ જેવી ગેમ્સ ઉપરાંત ત્રિપગી દોડ, માટી કામ, કાગળ કામ, વેસ્ટમાંથી બેસ્ટ, અભિનય વાર્તા, કરાટે, લોક નૃત્ય અને નાટક જેવી તાલીમ આપવામાં આવી હતી. આ શિબિરમાં તજજ્ઞ તરીકે ગાંધીનગરનાં તૃષાબેન વ્યાસ (ચિત્રકલા અને સર્જનાત્મક કલા), કુંતલ નિમાવત (નાટ્ય), ખુશ્બુ ભાવસાર અને હીર શુક્લ (લોક નૃત્ય, ગરબો), નિકિતા પરમાર (કરાટે) અને આશિષભાઈ પટેલ (વાર્તા કથન) ઉપસ્થિત રહ્યા હતા.

ઉલ્લેખનીય છે કે સંસ્થા દ્વારા સઘળા તાલીમાર્થીઓને શિબિર અંતર્ગત તાલીમ ઉપરાંત નિયમિત પૌષ્ટિક નાસ્તો પણ આપવામાં આવ્યો હતો. આમ, વિદ્યાર્થીઓ ખીલે ને વિકસે તે બંને બાબતોની તકેદારી સંસ્થાએ સુપેરે રાખી હતી. શિબિર પૂર્ણ થયે આ સઘળા તાલીમાર્થીઓને સ્ટેજ પરફોર્મન્સની તક પણ આપવામાં આવી હતી, જેમાં પ્રાર્થના નૃત્ય, ગરબો, કરાટે નિદર્શન અને નાટકની પ્રસ્તુતિ તાલીમાર્થીઓ દ્વારા કરવામાં આવી હતી. સ્ટેજ કાર્યક્રમ અંતર્ગત નૅશનલ અને ઈન્ટરનૅશનલ ચૅમ્પિયન યોગ ઍક્સપર્ટ કિશોરી પૂજા ઘનશ્યામભાઈ પટેલે યોગનાં અચંબાભર્યાં નિદર્શનો કરી પ્રેક્ષકોની ભરપૂર પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી. સ્ટેજ કાર્યક્રમનું સંચાલન પિનાકીનભાઈ જાનીએ કર્યું હતું.

આ પ્રસંગે ગામના અગ્રણી રાજુભાઈ પટેલ, ગોપાલભાઈ પટેલ, સંસ્થાના નિયામક ગોપાલભાઈ પંડિત, નરેન્દ્રભાઈ પટેલ, રામભાઈ મોચી, અંબાલાલ પટેલ, ડી કે પટેલ, ચિનુભાઈ પટેલ, વી આઈ પટેલ, હિતેન્દ્રભાઈ પટેલ, લલિતભાઈ પટેલ સહિત ગ્રામજનો અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ તથા ગ્રામ સેવા મંદિરના ટ્રસ્ટી કૃષ્ણકાન્ત જહા ઉપસ્થિત રહ્યા હતા, જેમણે તાલીમાર્થીઓને આશીર્વચન પાઠવ્યા હતા તથા સંસ્થા દ્વારા કરવામાં આવેલી આ સર્જનાત્મક પ્રવૃત્તિને બિરદાવી હતી.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
બાગી
૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
બાગી
૧૧.૦૦, ૨.૦૦
જંગલબૂક (૩ડી હિન્દી)
૫.૦૦, ૭.૧૫, ૯.૩૦

**સ્ક્રીન-૪**
શૉર્ટકટ સફારી
૧૨.૪૫, ૬.૪૫, ૯.૩૦
ફૅન
૧૦.૦૦, ૪.૦૦

**સ્ક્રીન-૫**
ફૅન
૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
બાગી
સવારે ૧૦.૦૦

## ક્રિએટીવ ક્લબના યુવાઓ દ્વારા મૂક પક્ષીઓની સેવા કાજે કાર્યો





ક્રિએટિવ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા તારીખ - ૧ મે ૨૦૧૬ તેમજ ૨ મે ૨૦૧૬ ના રોજ પક્ષી માટે પાણીના કુંડા અને માળા દરેક જગ્યા એ જગ્યા એ જઈને લગાવેલ છે . જેમાં ક્રિએટિવ ક્લબના સંકેત પોપટ, મિલન ભટ્ટ, પ્રિયાંક ઠક્કર , જય જોષી, મોનિકા ઠક્કર તેમજ અન્ય ક્લબ મેમ્બર્સે ખુબ જ ઉત્સાહપૂર્વક આ કાર્ય કરેલ છે. આ કાર્યમાં નગરજનો તરફથી પણ ઉત્સાહપ્રેરક પ્રતિસાદ સાંપડ્યો હતો. જ્યારે પક્ષીઓ ઉનાળામાં પાણી પીવા માટે ભટકતા હોય છે ને તેમને પાણી નથી મળતું ત્યારે તેમનો જીવ જોખમમાં આવી જાય છે. આ બાબતને ધ્યાનમાં રાખીને ક્રિએટિવ ક્લબના મેમ્બર્સ એ દરેક જગ્યા એ પોતે જઈને પક્ષીઓ માટે માળા અને પાણીના કુંડા લગાવી રહ્યા છે. ક્લબના સભ્યો પ્રતિમાસ આ પ્રકારની સેવાપ્રવૃત્તિઓ કરી રહ્યા છે.

## ગૃહશોભા ગોલ્ડન ગર્લ્સ વિશેષાંકમાં ક્રિનલ જાની ઝળકી



ગાંધીનગર, તા. ૩

ગૃહશોભા મેગેઝિન એ મહિલામાં વિશેષ આકર્ષણ ધરાવે છે. મે મહિનાનો અંક આ મૅગેઝિને ગોલ્ડન ગર્લ્સ સ્પેશિયલ તરીકે સજાવ્યો છે. ક્રિએટીવ વિચારસરણીથી સફળતાની નવી પરિભાષા રચનારી બ્યુટીઝને આ વિશેષાંકમાં સ્થાન મળ્યું છે. ગાંધીનગરની ક્રિનલ જાની આ ગોલ્ડન ગર્લ્સ સ્પેશિયલ ગૃહશોભાના પેજ પર બર્ડ લવર અને વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફીને કારણે ચમકી છે, જેનાથી ગાંધીનગરમાં ખુશીની લહેર ચાલી છે અને ક્રિનલ તરફ અભિનંદનનો પ્રવાહ વહી રહ્યો છે.

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગમાં ડેપ્યુટી સૅક્શન ઑફિસર તરીકે કામ કરતી ક્રિનલ જાની પોતાની બર્ડ ફોટોગ્રાફીને કારણે પ્રસિદ્ધ છે. કૉમર્સની સ્નાતક ક્રિનલના પિતા વિક્રમ જાની અને માતા જાગૃતિ જાની બંને સરકારી કર્મચારી છે.

માત્ર આઠ વર્ષની ઉંમરે વૃક્ષના પાંદડાને સિલાઈ કરી પોતાનું ઘર બનાવતાં દરજીડાની કલાથી આકર્ષિત થયેલી ક્રિનલ પક્ષીઓના પ્રેમમાં પડી ગઈ અને હવે પક્ષીઓની એને એટલી દરકાર છે કે એમની ઝીણવટભરી માહિતી રાખી તેને સહજતાથી ઓળખે છે.

એનો પક્ષીપ્રેમ એ પછી ફોટોગ્રાફી તરફ વળ્યો અને એની સુંદર ટાઈમિંગ સાથેની તસવીરો સોશિયલ મીડિયા પર ઢગલો લાઈકસ મેળવવા માંડી. બાળપણથી આત્મન અભિવ્યક્તિ બાળ શિબિર દ્વારા પણ પક્ષીપ્રેમી બની બેઠેલી ને હવે ગૃહશોભામાં ચમકી ગાંધીનગરને પ્રકાશિત કરી રહેલી ક્રિનલને પ્રજ્ઞાબેન પટેલ, સી એલ મહેતા, કુંતલ નિમાવત અને સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાતે અઢળક શુભેચ્છાઓ પાઠવી છે. ક્રિનલની તસવીરો જોતાં એ ભવિષ્યમાં આ ક્ષેત્રે મોટી નામના કાઢશે એવું સ્પષ્ટ વર્તાઈ રહ્યું છે.

# નાતો : આપણી હેસિયત સાથેનો





શાયર વાસિમ બરેલવીનો એક સુંદર શેર છે;

મીલી હવાઓંમેં ઉડનેકી વો સજા યારોં
કી મેં ઝમીન કે રિશ્તોં સે કટ ગયા યારોં

સુલતાન મહમદ ગઝની કે ગઝનવી એક શક્તિશાળી મુસ્લિમ રાજ્યકર્તા કે શાસક હતા. બાદશાહ ગઝનીએ બહુ મોટી રકમ ચૂકવીને એક ગુલામ ખરીદેલો. એ ગુલામનું નામ હતું મલિક અયાઝ. સુલતાન મહમદ અને અયાઝ વિષેની ઘણીબધી કિવદંતીઓ પ્રચલિત છે. એક કિવદંતી મુજબ આયાઝની ગુલામ તરીકે બાદશાહની વફાદારીના કારણે બાદશાહે તેની પોતાના મુખ્ય વજીર તરિકે નિમણૂક કરી હતી અને અયાઝ આ કાર્ય પણ નિષ્ઠા અને પ્રમાણિક્તાથી નિભાવતા હતા. ગુલામમાંથી વજીર બનેલા અયાઝનાં પોતાના રાજયમાં જ ઘણા ઈર્ષાળુઓ હતા. આ બધા જ ઈર્ષાળુઓ અયાઝને બાદશાહની રહેમ નજરમાંથી ઉતારવા માટે એક પણ તક છોડતા ન હતા.

અયાઝને બાદશાહ પાસેથી શાન, શૌકત, દોલત અને સત્તા - બધું જ મળ્યું હતું. અયાઝ રોજ પોતાના નિવાસમાં આવેલા એક ગુપ્ત કમરામાં જતા અને ત્યાં થોડો સમય વિતાવતા. અયાઝનાં ઈર્ષાળુઓએ બાદશાહને કાન ભંભેરણી કરી કે બાદશાહના ખજાનામાંથી ચોરેલું ધન અયાઝે ગુપ્ત કમરામાં છૂપાવેલું છે અને તેથી જ અયાઝ ગુપ્ત કમરામાં વારંવાર જાય છે. બાદશાહે અયાઝની ગેરહાજરીમાં ગુપ્ત કમરો ખોલવાનો આદેશ આપ્યો. કમરો એકદમ ખાલી હતો. કમરામાં હતા માત્ર બે-ચાર તૂટેલા ફાટેલા, ગંદા, જરી-પુરાણા અયાઝનાં કપડાં અને ચામડાનાં જૂનાં થઈ ગયેલા અયાઝના જોડાં. બાદશાહને આશ્ચર્ય થયું. બાદશાહે અયાઝને બોલાવીને પૂછ્યું કે તે ગુપ્ત કમરાની વારંવાર શા માટે મુલાકાતે જાય છે ને ત્યાં જઈને શું કરે છે ? અયાઝે વિનમ્રતાથી જવાબ આપ્યો, " જહાંપનાહ, આપ જાણો છો કે આપની પાસે હું આવ્યો ત્યારે હું એક ગુલામ તરીકેનું જીવન જીવતો હતો. આપે પણ મને ગુલામ તરિકે જ ખરીદ્યો હતો. આપે મને બધું જ આપ્યું. ગુપ્ત કમરામાં મેં મારી ગુલામ તરીકેની યાદો રૂપે મારા કપડાં અને જોડાં રાખ્યા છે. વારંવાર એ કપડાં ને જોડાંને એટલે જોઉં છું કે હું મારી હેસિયત ના ભૂલી જાઉં. મારી પાસે જે કંઈ છે એ બધું જ આપની કૃપા થકી છે પણ મારી હેસિયત તો એક ગુલામથી વિશેષ કંઈ જ નથી. આ વાત મને સતત યાદ રહે, મારા ભૂતકાળથી હું ઉખડી ના જાઉં એટલે ગુપ્ત કમરાની હું વારંવાર મુલાકાત લઉં છું."




કોઈપણ દેશ કે સમાજ પોતાના ઈતિહાસ સાથે નાતો તોડીને ક્યારેય વિકાસ સાધી ના શકે કારણ કે ઈતિહાસના પાયા ઉપર જ દેશ કે સમાજની વર્તમાન ઈમારત ઊભી થઈ હોય છે. એવી જ રીતે, કોઈપણ વ્યક્તિ પોતાના ભૂતકાળ સાથેનો નાતો તોડીને, પોતાનાં મૂળ છોડીને, પોતાની મૂળ હેસિયત ભૂલી જઈને વર્તમાન કે ભવિષ્યને ઉજ્જવળ બનાવી ન શકે. એ જો પ્રયત્ન કરે તો આંશિક સફળતા પણ કદાચ મળે, પણ લાંબા સમયે તે નિષ્ફળ જાય છે.

મારા એક મિત્ર છે. સરકારમાં ઉચ્ચ હોદ્દો ધરાવે છે. મેટ્રો શહેરમાં રહે છે. દરેક પ્રકારની સુખ-સાહ્યબી છે. તેમનું બાળપણ સૌરાષ્ટ્રના એક નાના ગામમાં વીત્યું હતું. એ મિત્ર એકાદ વર્ષે પોતાના ગામની મુલાકાત લે છે. એ ગામમાં હાલ તેમનું કોઈ સ્નેહી, સંબંધી, મિત્રો કે પોતાનું મકાન પણ નથી છતાં જાય ત્યારે એક-બે કલાકમાં ગામની શેરીઓ, ગલીઓ, મંદિરો, શાળા અને બજાર ખૂંદી વળે છે. મિત્ર કહે છે કે જ્યાં મારૂ બાળપણ વીત્યું છે એ ગામમાં થોડા કલાકો રહેવાથી મારા બચપણના દિવસો સાથેનો એક સેતુ બંધાય છે. જે ધૂળ અને માટીમાં બચપણમાં રમ્યો હતો એ ધૂળ અને માટીની સુગંધ શ્વાસમાં ભરીને મારા મેટ્રો શહેરના ઘરમાં લાવું છું ત્યારે એમ લાગે છે કે લાંબો સમય ચાલે એટલો પ્રાણવાયુ સાથે લાવ્યો છું.

દરેક વ્યક્તિ ચાંદીની ચમચી સાથે જન્મ નથી લેતી. દરેક વ્યક્તિના જીવનમાં મુશ્કેલીઓ આવે છે. કેટલીયે વ્યકિતએ પોતાનું બચપણ ગરીબીમાં અને સંઘર્ષ કરીને વિતાવ્યું હોય છે. આવી વ્યક્તિઓ કંઈ કેટલાયે લોકોના સાથ-સહકારથી આગળ આવ્યા હોય છે. વ્યક્તિ પોતે વિતાવેલા સંઘર્ષભર્યા દિવસો જો યાદ રાખે, ભૂતકાળમાં પોતાની હેસિયત શું હતી એ ના ભૂલે, મુશ્કેલીઓનાં દિવસોમાં પોતાને જે કોઈએ સાથ-સહકાર આપ્યો હોય તેનો ઉપકાર ના ભૂલે, તો એ વ્યકિતની વિનમ્રતા છે. અયાઝ જાણતા હતા કે સત્તા, ધન-દોલત, એ બધું તો પોતાના માલિક મહમદ ગઝનીની કૃપાથી મળ્યું છે. એ કૃપાદષ્ટિ ક્યારે બદલાય જાય અને પોતે ફરી પાછો ક્યારે ગુલામની પરિસ્થિતિમાં આવી જાય તે કહેવાય નહિ તેથી કદાચ અયાઝ પોતાની ગુલામ તરીકેની વાસ્તવિકતા ભૂલવા માંગતા ન હતા.

અહીં પોતાના કપરા કાળ, કે ગરીબીનાં દિવસો કે સંઘર્ષમય ભૂતકાળને સતત ગળે વળગાડી રહેવાની વાત નથી. વ્યક્તિ પોતે કપરા કાળમાંથી પસાર થઈ હોય, અનેક મુશ્કેલીઓ ભોગવી હોય એ વાત ને સતત વાગોળ્યા કરે, પોતાના બાળકોને પણ સતત એ વાતની યાદ આપ્યા કરે અને તમામ પ્રકારની સુખ-સહયબી હોવા છતાં પોતાનાં બાળકોને પણ પોતે ભૂતકાળમાં વિતાવેલા દિવસોની જેમ જ જીવવાનું કહે એ વ્યાજબી નથી. અહીં ભૂતકાળને ના ભૂલીને વર્તમાન ને માણવાની વાત છે.

વ્યકિત પોતાની અસલી હેસિયત, પોતાની પ્રગતિનાં મૂળ, પોતાના વ્યથિત ભૂતકાળ સાથે સારી રીતે જોડાયેલી રહે તો અને તો જ તેનો તેના મિત્રો, સાથીઓ, સ્નેહીઓ, કુટુંબીજનો અને સમાજ સાથે નાતો જળવાઈ રહે છે. નહિતર વસીમ બરેલવિનાં પેલા શેર જેવી પરિસ્થિતી બને છે કે હવામાં ઉડવાની સજા એ મળી કે જમીન સાથેના મારા સંબંધો તૂટી ગયા.

vamlani2000@yahoo.co.uk

## સાંઈકૃપા સેવા ટ્રસ્ટ દ્વારા ગુરુવારે આંખનો કૅમ્પ

### સાંઈ મંદિર ખાતે આયોજન : નિઃશુલ્ક કૅમ્પમાં ભાગ લેવા માટે નામ-નોંધણી કરાવવી જરૂરી

ગાંધીનગર, તા. ૩

શ્રી સાંઈ કૃપા સેવા ટ્રસ્ટ અને પગરવ હૉસ્પિટલ દ્વારા તારીખ પાંચમી મે ને ગુરુવારના રોજ આંખના નિઃશુલ્ક કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

ટ્રસ્ટના ટ્રસ્ટી નરસિંહભાઈ પરમારે આ અંગેની વિગતો આપતાં એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ટ્રસ્ટ દ્વારા કરવામાં આવતી નિયમિત સેવા પ્રવૃત્તિઓના ભાગરૂપે સાંઈ મંદિર, સૅક્ટર-૩ ડી, ગાંધીનગર ખાતે આયોજિત આ કૅમ્પમાં ભાગ લેવા માટે રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.

રજિસ્ટ્રેશન તારીખ ૪ મે, બુધવારના રોજ સવારે ૯થી ૧૧ કલાક દરમ્યાન સાંઈ મંદિર ખાતે કરાવવા માટે નરસિંહભાઈ દ્વારા વધુમાં જણાવવામાં આવ્યું છે.

## વાચકોને આમંત્રણ

### ‘સંવેદના’ વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર ‘ગાંધીનગર સમાચાર’ ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

એપ્રિલ માસનો વિષય છે :

**‘મારા ગુરુ ગૌરવશાળી’**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના ગુરુનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે